આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-27-01-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## ચૂંટણીપંચ- ચૂંટણી અધિકારીઓને સૂચના

કેન્દ્રીય ચૂંટણીપંચે હવામાન વિભાગ દ્વારા આગામી ઉનાળાની ઋતુમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઘણી જગ્યાએ વધુ રહેવાની કરેલી આગાહીને ધ્યાનમાં રાખીને લોકસભાની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

ચૂંટણીપંચે તમામ મતદાન મથકોએ મતદારો માટે ખાસ શેડ તેમજ પીવાના પાણીની સુવિધા સહિત પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી છે. આ ઉપરાંત ચૂંટણીપંચે આકરા તાપના સમયગાળામાં દરેક નાગરિકે શી તકેદારી રાખવી તેની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ - NDMA દ્વારા અપાયેલી સૂચનાઓ દેશના બધા જ ચૂંટણી અધિકારીઓને મોકલી છે.

ઉલ્લેખનીય છે કે NDMA એ ગરમીના મોજાની સંભવિત અસર ઘટાડવા બપોરના 12 થી 3 દરમિયાન અગત્યના કામ સિવાય તાપમાં નહીં નીકળવાની સૂચના અપાઇ છે.

**RNU અમદાવાદ**

---

## પહેલો તબક્કો – ઉમેદવારી પત્રો

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ છે.

RNUBHUJ

પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે.

પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.

**RNU અમદાવાદ**

---

## આરટીઈ પ્રવેશ તારીખ લંબાઈ

રાજયમાં આરટીઇ પ્રવેશ પ્રક્રિયા 2024-25 અંતર્ગત પ્રવેશ મેળવવા માટે અરજી કરવાની સમયમર્યાદા વધારીને 30મી માર્ચ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આરટીઇ એક્ટ એટલે કે, નબળા અને વંચિત જૂથના બાળકે બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં આગામી શૈક્ષણિક વર્ષ 2024-25માં નવા સત્ર માટે ઓનલાઇન અરજી કરવાની તારીખ 14મી માર્ચથી 26મી માર્ચ સુધી કરવામાં આવી હતી. જો કે, તહેવારોમાં જાહેર રજાઓના કારણે અરજદારોને આવક અને જાતિના દાખલા વગેરે જેવા આધારો મેળવવામાં વિલંબ થતો હોવાના કારણે આરટીઇ હેઠળ પ્રવેશ મેળવવાની અરજીની તારીખ લંબાવવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમ

ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયાનો બીજી એપ્રિલથી પ્રારંભ થશે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા જુનમાં શરૂ કરાતો હોય છે. પરંતુ આ વર્ષે એપ્રિલમાં જ નોંધણી પ્રક્રિયા શરૂ કરાશે. જે મુજબ ગુજકેટ પુરી થયાના એક દિવસ બાદ એટલે કે, બીજી એપ્રિલથી ઓનલાઈન નોંધણી શરૂ થશે. જે 15મી મે સુધી ચાલશે. 13 જુને પ્રથમ રાઉન્ડની બેઠક ફાળવણી થશે. 20મી જૂનથી શૈક્ષણિક સત્ર શરૂ થશે.

**આરતી ભટ્ટ (N.P)**

---

## કોસ્ટલ મોકડ્રીલ

રાજ્યમાં દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખી વર્ષમાં બે વખત સ્મોલરડિસ્ટ્રીકટ લેવલ કોસ્ટલ મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત કચ્છમાં પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડિયાની સૂચનાથી જિલ્લામાં કાર્યરત કેન્દ્ર તથા રાજ્યની સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં એક મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલમાં કચ્છની જખૌના દરિયાઈ વિસ્તારમાંથી આતંકવાદીઓ ધુસી આવ્યાની બાતમીના પગલે સુરક્ષા એજન્સીઓએ આતંકવાદીઓને પકડી તેઓના હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો. રેડફોર્સના ડમી આતંકવાદીઓ દ્વારા આ મોકડ્રીલને સફળતાપૂર્વક પાર પડાઈ હતી.

**આરતી ભટ્ટ (N.P)**

---

## ક્રિકેટ

ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમે ગુજરાત ટાઇટન્સને 63 રને હરાવી પ્રવર્તમાન શ્રેણીની આઇપીએલ મેચમાં બીજી સફળતા મેળવી છે. ચેન્નઇ ખાતેની મેચમાં ચેન્નઇની

ટીમે 6 વિકેટ ગુમાવી 206 રન કર્યા હતા. ગુજરાત ટાઇટન્સ ટીમ 8 વિકેટ ગુમાવી 143 રન કરી શકી હતી.

**ચં.પટ્ટણી**

---

## જિલ્લામાં ઉષ્ણતામાન

કચ્છમાં ઉનાળો તેના અસલ અંદાજમાં આવી ગયો હોય તેમ અંગ દઝાડતા તાપથી જનજીવન ત્રાહિમામ પોકારી ઊઠયું છે. માર્ચ મહિનામાં જ જિલ્લા મથક ભુજમાં મહત્તમ પારો 40 ડિગ્રીને પાર થઈ 41.6 ડિગ્રીએ પહોંચતાં વર્તમાન ઉનાળાના ગરમ દિવસ અનુભવવા સાથે ભુજ રાજ્યનું સૌથી ઉષ્ણતામાન મથક બન્યું હતું. બે જ દિવસમાં અહીં મહત્તમ તાપમાન સાડા પાંચ ડિગ્રી જેટલું ઊંચકાવા સાથે લઘુતમ તાપમાન પણ 24 ડિગ્રી જેટલું ઊંચું નોંધાતાં દિવસે પ્રખર તાપ પછી રાત્રે પણ ઊકળાટથી લોકો આકુળ - વ્યાકુળ બન્યા હતા. ગરમીની અસર જનજીવન પર પણ સ્પષ્ટ રીતે જોવા મળી હોય તેમ મધ્યાહ્નના સમયે માર્ગો પર સ્વયંભૂ કર્ફ્યૂ જેવો સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો.

**આરતી ભટ્ટ (N.P)**

---

RNU BHUJ